# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*********************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગોવા અને કારવારના દરિયાકાંઠે INS વિક્રાંત પર નૌકાદળના જવાનો સાથે દિવાળી ઉજવી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય સંરક્ષણ સેવાઓ વચ્ચેના સંકલનને કારણે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવી પડી
3. બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખે ભારત સાથે વ્યૂહાત્મક જોડાણ માટે ઉત્સુક્તા દર્શાવી
4. દેશમાં દિવાળીના તહેવારની ઉત્સાહભેર ઉજવણી .. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી
5. યમનના એડનના દરિયાકાંઠે કેમરૂનના LPG ટેન્કરમાં થયેલા વિસ્ફોટ બાદ ૨૩ ભારતીય ક્રૂ સભ્યોને બચાવાયા

.......................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# NEW PM-GOA - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય સંરક્ષણ સેવાઓ વચ્ચેના અસાધારણ સંકલનને કારણે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી હતી. ભારતીય સશસ્ત્ર દળો સાથે દિવાળી ઉજવવાની તેમની વાર્ષિક પરંપરાને જાળવી રાખતા, શ્રી મોદીએ આજે ગોવા અને કારવારના દરિયાકાંઠે **INS** વિક્રાંત પર નૌકાદળના જવાનો સાથે દિવાળી ઉજવી.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી , પીએ ઓપરેશન સિંદૂર )

શ્રી મોદીએ કહ્યું કે **INS** વિક્રાંત, જે ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ છે, તે ભારતના સશસ્ત્ર દળોની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે **INS** વિક્રાંત માત્ર એક યુદ્ધ જહાજ નથી; તે **21**મી સદીના ભારતની ચાતુર્ય, સંકલ્પ અને વૈશ્વિક પ્રભાવનો પુરાવો છે. શ્રી મોદીએ કહ્યું કે **INS** વિક્રાંત આત્મનિર્ભર ભારત અને મેડ ઇન ઇન્ડિયાનું એક વિશાળ પ્રતીક છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી , પીએમ-આત્મનિર્ભર ભારત )

પ્રધાનમંત્રીએ સુરક્ષા દળોની બહાદુરી અને નિશ્ચયની પણ પ્રશંસા કરી અને કહ્યું કે તેના કારણે જ રાષ્ટ્રએ માઓવાદી આતંકવાદને ખતમ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય દળોએ ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) અને પાકિસ્તાનમાં અનેક આતંકવાદી માળખાગત સ્થળોને નિશાન બનાવીને સંકલિત હુમલાઓ કર્યા.

નૌકાદળના કર્મચારીઓને સંબોધતા તેમણે કહ્યું કે તેઓ ભાગ્યશાળી છે કે તેઓ તેમની સાથે પવિત્ર તહેવાર ઉજવી રહ્યા છે.

...2...

 **NEW PM-GOA – 2**

શ્રી મોદીએ કહ્યું કે, આજનો દિવસ એક અદ્ભુત દિવસ છે કારણ કે, એક તરફ મારી પાસે સમુદ્ર છે, અને બીજી તરફ, મારી પાસે ભારત માતાના બહાદુર સૈનિકોની તાકાત છે. તેમણે કહ્યું કે, સમુદ્રના પાણીમાં સૂર્યના કિરણોનો પ્રકાશ બહાદુર સૈનિકો દ્વારા પ્રગટાવવામાં આવતા દિવાળીના દીવા જેવો છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી , પીએમ- દિવાળી)

પ્રધાનમંત્રી તરીકેના તેમના પ્રથમ વર્ષમાં, શ્રી મોદીએ લદ્દાખના સિયાચીન ગ્લેશિયરમાં ત્યાં તૈનાત સૈનિકો સાથે દિવાળી ઉજવી. ગયા વર્ષે

તેમણે સર ક્રીકમાં તૈનાત સૈનિકો સાથે દિવાળી ઉજવી, ભારતની સરહદોની રક્ષા કરતા કર્મચારીઓ સાથે તહેવાર ઉજવવાની તેમની પરંપરા જાળવી રાખી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - SWADESHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને તહેવારોની ઉજવણી કરવા અને સ્વદેશી ઉત્પાદનો ખરીદીને 140 કરોડ ભારતીયોની મહેનતનું સન્માન કરવા હાકલ કરી છે. શ્રી મોદીએ નાગરિકોને તહેવારો દરમિયાન ખરીદેલા સ્વદેશી ઉત્પાદનોને સોશિયલ મીડિયા પર શેર કરવા પણ વિનંતી કરી જેથી અન્ય લોકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા માટે પ્રેરણા મળે.

**MyGovIndia** ની એક પોસ્ટનો જવાબ આપતા, શ્રી મોદીએ લોકોને ભારતમાં બનાવેલા ઉત્પાદનો ખરીદવા અને તેઓ સ્વદેશી છે એમ ગર્વથી કહેવા માટે અપીલ કરી.

પ્રધાનમંત્રીની આ અપીલ સ્થાનિક ઉદ્યોગો અને કારીગરોને પ્રોત્સાહન આપવા માટે ચાલી રહેલા રાષ્ટ્રવ્યાપી આંદોલન વચ્ચે આવી છે, જે આત્મનિર્ભરતા અને આર્થિક સશક્તિકરણનો સંદેશ ફેલાવે છે. આ પહેલના સમર્થનમાં, **MyGovIndia** એ "દિવાળી ઉજવો અને સ્વદેશીને

સશક્ત બનાવો" નામનું એક ખાસ અભિયાન શરૂ કર્યું છે, જેમાં નાગરિકોને આ તહેવારોની મોસમમાં ફક્ત સ્વદેશી ઉત્પાદનો ખરીદવાનો સંકલ્પ લેવા વિનંતી કરવામાં આવી છે.

આ અભિયાન સ્થાનિક કારીગરોને ટેકો આપવાના મહત્વ પર ભાર મૂકે છે. આ ઝુંબેશ સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR-POLLS

બિહારમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા આજે પૂર્ણ થશે. બીજા તબક્કામાં 243 બેઠકોમાંથી 122 બેઠકો માટે 11 નવેમ્બરે મતદાન થશે. અત્યાર સુધીમાં, વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો દ્વારા કુલ **1,066** ઉમેદવારીપત્રો દાખલ કરવામાં આવ્યા છે.

વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની આજે છેલ્લી તારીખ છે. **6** નવેમ્બરના રોજ પ્રથમ તબક્કામાં **18** જિલ્લાઓની **121** બેઠકો પર મતદાન થશે. બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રથમ તબક્કા માટે

**1,375** ઉમેદવારો માન્ય જાહેર થયા છે. તેમાં **147** મહિલા અને **1,248** પુરુષ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

દરમિયાન ચુંટણી પંચ મુક્ત અને ન્યાય ચુંટણીઓ માટે તમામ તૈયારીઓ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# BRAZIL- INDIA

બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ ભારત સાથે વ્યૂહાત્મક જોડાણ બનાવવાની યોજના જાહેર કરી છે.

આ પહેલનો હેતુ બંને દેશો વચ્ચે રાજકીય, આર્થિક અને તકનીકી સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિનની તાજેતરની ભારત મુલાકાતના સમાપન બાદ, શ્રી સિલ્વાએ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે જણાવ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિનની ભારત મુલાકાત મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું હતું કે તેઓ ભારત સાથે વ્યૂહાત્મક જોડાણ બનાવશે અને બ્રાઝિલ અને ભારત બંનેની અર્થવ્યવસ્થાનો વિકાસ કરશે.

બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખની ટિપ્પણી ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિનની ભારત મુલાકાતના એક દિવસ પછી આવી છે. તેમની મુલાકાત દરમિયાન, અલ્કમિનએ સ્પષ્ટતા કરી હતી કે ભારત અને બ્રાઝિલનો સહયોગ પૂરક છે, સ્પર્ધાત્મક નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DIWALI (PAGE 1)

પ્રકાશ પર્વ દિવાળીની આજે દેશભરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે. દેશભરમાં લોકો દિવાળી અને નવા વર્ષની ઉમંગભેર ઉજવણી કરી રહ્યા છે.

અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક રૂપે ઉજવાતી દિવાળી આનંદ અને રોશનીનો તહેવાર છે. દિપાવલી પર્વની ઉજવણીના ભાગરૂપે ઘરે ઘરે દિવડા રંગોળીના સુશોભન જોવા મળી રહ્યા છે. આજે ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજનનું અનેરૂં મહત્વ છે. દેશભરના વિવિધ મંદિરોમાં દિવાળી નિમિત્તે વિશેષ શણગાર, રોશની કરાયા છે. મંદિરો રોશનીથી ઝળહળી રહ્યા છે.

દરમિયાન બજારોમાં છેલ્લી ઘડીની ખરીદી માટે મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. મોડી રાત સુધી લોકો નવા વસ્ત્રો, સુશોભનની ચીજવસ્તુઓ, ફટાકડાની ખરીદી કરતા જોવા મળ્યા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળી નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે, આ તહેવાર અંધકાર પર પ્રકાશ, અજ્ઞાન પર જ્ઞાનના વિજયનું પ્રતીક છે. તેમણે દરેકને સુરક્ષિત, જવાબદાર અને પર્યાવરણને અનુકૂળ રીતે દિવાળી ઉજવવા અપીલ કરી.

# DIWALI (PAGE 2)

ઉપરાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણને દેવી લક્ષ્મી દરેક પર શાંતિ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યના આશીર્વાદ વરસાવે તેવી પ્રાર્થના કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં, દિવાળીનો તહેવાર તમામ નાગરિકોના જીવનને સદ્ભાવના, ખુશી અને સમૃદ્ધિના પ્રકાશથી પ્રકાશિત કરે અને સમગ્ર દેશમાં સકારાત્મકતાની ભાવના ફેલાય તેવી શુભેચ્છા પાઠવી છે.

દરમિયાન, દિલ્હી પોલીસે શહેરમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરી છે. મુખ્ય બજારો, ભીડભાડવાળા જાહેર સ્થળો અને વ્યાપારી કેન્દ્રો પર ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દિલ્હીની મુખ્ય હોસ્પિટલોમાં દાઝી ગયેલા દર્દીઓને તાત્કાલિક સારવાર માટે વ્યાપક તૈયારીઓ કરી છે.

દિલ્હી ફાયર વિભાગ દ્વારા 24 રેપિડ રિસ્પોન્સ વાહનો સહિત ફાયર એન્જિન તૈનાત કરવામાં આવ્યા છે. ઓલ ઈન્ડિયા રેડિયો ન્યૂઝ સાથે વાત કરતા, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એ.કે. મલિકે જણાવ્યું કે, દિલ્હીના લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે, દિલ્હી ફાયર સર્વિસ સંપૂર્ણ કાર્યક્ષમતા સાથે કામ કરી રહી છે અને તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH-DIWALI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ દેશવાસીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે ભગવાન રામને બધા માટે સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIAN CREW- RESCUE

યમનના એડનના દરિયાકાંઠે કેમરૂન-ધ્વજવાળા **LPG** ટેન્કર **MV** ફાલ્કનમાં થયેલા વિસ્ફોટ બાદ ૨૩ ભારતીય ક્રૂ સભ્યોને બચાવી લેવામાં આવ્યા છે. આ ઘટના ગઈકાલે બની હતી, જ્યારે જહાજ એડન કિનારાથી દક્ષિણ આફ્રિકન દેશ જીબુટી તરફ લગભગ ૧૧૩ નોટિકલ માઇલ મુસાફરી કરી રહ્યું હતું. ઘટનાનું ચોક્કસ કારણ શોધવામાં આવી રહ્યું છે.

યુરોપિયન સંઘ નૌસેના દળના રક્ષાત્મક સમુદ્રી અભિયાન - એસ્પાઇડ્સ અનુસાર, બે ક્રૂ સભ્યો હજુ પણ ગુમ છે. **MV** ફાલ્કનમાં એક સભ્ય ફસાયેલ હોવાની આશંકા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WORLD BANK-ADB AGREEMENT

એશિયન વિકાસ બેંક-ADBએ તેના વિકાસશીલ સભ્યોને ADB ની ધિરાણ ક્ષમતા વધારવા માટે વિશ્વ બેંક સાથે ત્રણ અબજ અમેરિકી ડોલરના સોવરિન એક્સપોઝર એક્સચેન્જ -EEA કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ADB એ આજે જણાવ્યું છે કે આ કરાર 2020 પછી ADB નો વિશ્વ બેંક સાથેનો પ્રથમ EEA અને અન્ય બહુપક્ષીય વિકાસ બેંકો સાથેનો તેનો છઠ્ઠો EEA છે, જેનાથી કુલ વિનિમય રકમ 9 અબજ ડોલર થઈ ગઈ છે. EEA એ પોર્ટફોલિયો એકાગ્રતા જોખમોને ઘટાડવા માટેનું એક જોખમ વ્યવસ્થાપન સાધન છે. તેમણે જણાવ્યું હતું કે એક્સપોઝર એકાગ્રતા ઘટાડીને, તે તેના મૂડી ઉપયોગને ઘટાડે છે, જેનાથી તેની ધિરાણ ક્ષમતામાં વધારો થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BALOCHISTAN-CIVILIANS DISAPPEARED

પાકિસ્તાની સશસ્ત્ર દળોએ બલુચિસ્તાનના ક્વેટા, પંજગુર, ખારાન અને મસ્તુંગ જિલ્લામાંથી બે વિદ્યાર્થીઓ સહિત અઢાર લોકોની ધરપકડ કરી હતી અને તેમને અજ્ઞાત સ્થળોએ લઈ ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓનો

દાવો છે કે લશ્કરી કર્મચારીઓએ શુક્રવારે મોડી રાત્રે વોરંટ વિના બે વિદ્યાર્થીઓને તેમના ઘરેથી ધરપકડ કરી હતી.

પાકિસ્તાની સુરક્ષા દળોએ ગઈકાલે બલુચિસ્તાનના વિવિધ ભાગોમાંથી આઠ નાગરિકોને બળજબરીથી લઈ ગયા હતા.

પાકિસ્તાનના માનવાધિકાર પંચ અને અન્ય દેખરેખ જૂથોએ ગુમ થવાની વધતી ઘટનાઓની નિંદા કરી છે, તેમને કાનૂની અને નૈતિક ધોરણોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે. તેમના તાજેતરના અહેવાલમાં, કમિશને ચેતવણી આપી છે કે બલુચિસ્તાનમાં અપહરણ જાહેર વિશ્વાસને ઓછો કરી રહ્યું છે અને પ્રદેશમાં અસ્થિરતા વધારી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .